
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ વૃષભ**

**આજના ગ્રહોની કુંડળી**




**સૂર્ય - ૫°, ચંદ્ર - ૧°, મંગળ - ૧૪°, વક્રી - બુધ ૨૪°, વક્રી ગુરુ ૨૮°, શુક્ર ૦°, શનિ - ૧૯°, રાહુ- ૦।। °, ગ્રહોની અંશાત્મક સ્થિતિ પંચાગની ગણતરી મુજબ ઉપર મુજબ છે.**

**મેષ** બીજે ચંદ્ર મંગળથી દ્રષ્ટ છે - શનિથી દ્રષ્ટ છે - શુક્ર અંશાત્મક ઝીરો છે તેથી મિશ્ર ફળ મળે. સારા-નરસા અનુભવોમાંથી દિવસ પસાર થાય.

**વૃષભ** તમારા પર ફરજો અદા કરવાનો બોજો આવી પડવાના યોગો છે - કર્તવ્ય અદા કરવું કે નહીં તેની કશ્મ કશમાં દિવસ પસાર થશે.

**મિથુન** હવે સાહસ કરવા માટે કોઈ માનસિક ગડમથલ નથી તેથી આનંદથી સાહસ કરશો તો જીત મળશે - કૌટુંબિક સુખ પ્રાપ્ત થશે. આર્થિક લાભ મળશે.

**કર્ક** લઘુતાગ્રંથીથી પીડાવાના બદલે આત્મ વિશ્વાસથી આગળ વધવાનો નિર્ણય લેશો તો તમોએ સેવેલ બધાં જ સપનાઓ તમો પૂર્ણ કરી શકશો.

**સિંહ** ચંદ્રથી ચોથે ગુરુ તમારી રાશિમાં છે જે અતિ ઉત્તમ યોગ ગણાય છે - જરૂરથી દિવસ આનંદમય પ્રવાસ કરશો. શુભ અને ધાર્મિક કાર્યો થશે.

**કન્યા** લાગણીઓથી દૂર રહી બુદ્ધિથી વ્યવસાય અંગેના નિર્ણયો લેશો તો અવશ્ય પ્રગતિ અને લાભ થશે. છેતરાઈ ન જાઓ તેનો ખાસ ખ્યાલ રાખશો.

**તુલા** મિત્રોની મદદ મળી રહેશે - આવેશમાં આવીને તમોને મળેલ તક ઝડપવાનું ચૂકતા નહીં તેમજ ગુસ્સો કરતા નહીં. લાભ મળશે.

**વૃશ્ચિક** શનિ - ચંદ્રની પ્રતિયુતિ સાહસ કરતાં અટકાવશે - બીજે શુક્ર - બુધની યુતિ મદદરૂપ રહેશે. બારમે મંગળ અવિચારી ક્રોધ કરાવે - કાબૂ રાખવો.

**ધન** આધ્યાત્મિક ઉન્નતિનાં તમામ દ્વારો તમારે માટે ખુલી ગયાં છે - શુભ કાર્યોનો પાયો આજે તમો નાંખી શકશો.

**મકર** સાથી મિત્રો સાથે અણબનાવના બનાવો બને - સંતાનોથી સુખ મળે - અણધારી તકથી આર્થિક લાભ મળે - પાર્ટનરથી અસંતોષ.

**કુંભ** ન ગમતી પરિસ્થિતિ ઉભી થવાના યોગો છે - ગુસ્સા પર કાબૂ રાખવો. અંગત ફાયદાની લાલચ પર કાબૂ રાખશો તો સામાજિક પ્રતિષ્ઠા વધશે.

**મીન** કૌટુંબિક પ્રશ્નો ઉકેલવામાં સમય પસાર થઈ જાય. કાર્ય સફળતા માટે ખૂબ મહેનત કરવી પડે, દિવસભર પ્રવૃત્તિમય સમય પસાર થાય - શેરબજારમાં લાભ થાય.

## ૨૦ જાન્યુઆરીના રોજ પાલનપુર સમતા હાઈસ્કૂલ ખાતે લોકડાયરો

પાલનપુર, તા. ૧૮

રાજ્ય સરકાર દ્વારા ચાલુ વર્ષને ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણી વર્ષ તરીકે શાનદાર ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણી અંતર્ગત સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા પાલનપુર મુકામે તા. ૨૦-૧-૨૦૧૬ને બુધવારના રોજ સાંજે ૭.૩૦ કલાકે સમતા હાઈસ્કૂલના મેદાનમાં સોનબાગ પાછળ, મીરાં દરવાજા બહાર, પાલનપુર ખાતે લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતના નામાંકિત લોકગાયકો શ્રીમતી ઈન્દિરા શ્રીમાળી, શ્રી અરવિંદ બારોટ તથા લોક સાહિત્યકાર શ્રી બાબુલ બારોટ દ્વારા કાર્યક્રમો રજુ કરવામાં આવશે.

લોકડાયરામાં કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રીશ્રી હરીભાઈ ચૌધરી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી રમણલાલ વોરા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી તેમજ ધારાસભ્યશ્રીઓ, અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેવાના છે. આ કાર્યક્રમમાં પધારવા અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાના નાયબ નિયામકશ્રી એમ.કે. પરમારે જણાવ્યું છે.

## મહિન્દ્રાએ નવી એસયુવી KUV100 સાથે સંપૂર્ણપણે નવા સેગમેન્ટમાં પ્રવેશ કર્યો

ભારતની અગ્રણી એસયુવી ઉત્પાગક મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા (એમએન્ડએમ) એ આજે ઘણા દિવસની જેની રાહ જોવાતી હતી તે નવી એસયુવી કોમ્પેક્ટ એસયુવી-KUV-100(કેયુવી૧ ડબલઓ) આજે અમદાવાદમાં લોંચ કરી હતી. KUV-100 નવેસરથી વ્યાખ્યાયિત કરેલ અને સ્ટાઈલિશ ઈન્ટેરિઅર્સ, અનુકૂળતા પ્રદાન કરતી ૬ પેસેન્જર સીટની પુરતી જગ્યા સાથે આકર્ષક સ્ટાઈલિંગ અને એસયુવી જેવું વલણ ધરાવે છે. તેમાં તમામ રેન્જમાં ઈબીડી સ્ટાન્ડર્ડ સાથે એબીએસ, બેઝ વેરિઅન્ટથી વૈકલ્પિક ડ્યુઅલ એરબેગ્સ અને પાછળની બેઠક પર બાળકની સીટ માટે આઈસોફિક્સ માઉન્ટ જેવા સેફટી ફીચર્સ ધરાવે છે. જે પેટ્રોલ અને ડીઝલ એન્જિનમાં ઉત્કૃષ્ટ પર્ફોર્મન્સ ધરાવે છે. ઈંધણની ઊંચા કાર્યદક્ષતા પ્રદાન કરે છે અને સુલભ થઈ શકે તેવી ટેકનોલોજી તેને વિશિષ્ટ સ્ટાઈલ ઊભી કરવા ઈચ્છતાં આતુર લોકોને મહત્વાકાંક્ષી ઓફર કરે છે. આજથી સમગ્ર ભારતમાં મહિન્દ્રાની ડિલરસીપ પર ઉપલબ્ધ KUV-100ની કિંમત રૂ. ૪.૫૪ લાખની આકર્ષક કિંમતે (K-2 પેટ્રોલ વેરિઅન્ટ માટે અમદાવાદમાં એક્સ-શૉરૂમ) અને રૂ. ૫.૩૫ લાખની આકર્ષક કિંમતે (K-2 ડિઝલ વેરિઅન્ટ માટે અમદાવાદમાં એક્સ-શૉરૂમ ઉપલબ્ધ છે.) સંપૂર્ણપણે નવા મોનોકોક પ્લેટફોર્મ પર બનાવેલી અને વર્તમાન શહેરી આકર્ષક દેખાવ સાથે ઈન-હાઉસ ડિઝાઈન કરેલી KUV-100 સ્પોર્ટસ વિશિષ્ટ ડિઝાઈનને પરિભાષિત કરે છે. શાર્પ લાઈન્સ, ઊડીને આંખે વળગે તેવું અગ્રણી હૂડ, ઊંચી બેલ્ટલાઈન અને ગતિશીલ ડિઝાઈન, આગળના આક્રમક ફાશિયા, ખડતલ બોડી અને મોટા સ્કવેયર વ્હીલ આર્કથી રોડ પર તે ઊડીને આંખે વળગે છે.



**ઉભરાણ ગામે બીએપીએસ શ્રી સ્વામીનારાયણના મંદિરનું ખાતમુહૂર્ત કરાયું**

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના ઉભરાણ ગામે બીએપીએસ સંચાલીત શ્રી સ્વામીનારાયણના નવા મંદિરનું ખાતમુહૂર્ત શ્રી આચાર્ય સ્વામીના વરદહસ્તે તા. ૧૮ જાન્યુઆરીના રોજ કરવામાં આવ્યું હતું. આ ખાતમુહૂર્તમાં સ્વામીનારાયણ સંપ્રદાયના કોઠારી સ્વામી ઉપરાંત અનેક સંતો અને આજુબાજુ ગામના સ્વામીનારાયણ સંપ્રદાયના ઘણા બધા ભક્તજનો ઉપરાંત મોટી સંખ્યામાં ગ્રામજનો પણ હાજર રહ્યા હતા. આ મંદિરના નવા નિર્માણના લીધે આજુબાજુના ગામના લોકોમાં અને ભક્તોમાં હર્ષની લાગણીનો માહોલ જોવા મળ્યો હતો. આ ભારતની ભાતીગળ સંસ્કૃતિમાં આવા મંદિરો નિર્માણ થતા રહે તો ચોક્કસ આપણા ભારત દેશમાં ઠેરઠેર ભક્તિમય માહોલ જોવા મળશે અને આ ભારતના લોકો વધુને વધુ ભક્તિમય બનશે આ મંદિરના નિર્માણને લઈને ઉભરાણના ગ્રામજનોમાં અને આજુબાજુ ગામના લોકોમાં પણ અનેરો ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો.

## ખેડબ્રહ્માના સિસવલ્લામાં મહીલાએ દવા પી લેતા મોત

ખેડબ્રહ્મા, તા. ૧૮

ખેડબ્રહ્મા તાલુકાના સિસવલ્લા ગામના રહીશ અરવીંદભાઈ દીતાભાઈની પત્ની ટીનાબેન (ઉં.વ.૨૦) રવિવાર સવારના ૮.૩૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે અગમ્ય કારણોસર પોતાના ઘરે ઝેરી દવા ઘટગટાવી જતાં તેનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. જેથી સિસવલ્લા ગામમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. આ અંગે મૃતકના પતિ અરવીંદભાઈ પરમારે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને જાણ કરતાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પાલનપુર મુકામે ૨૫મી જાન્યુઆરીએ રાષ્ટ્રિય મતદાતા દિવસની ઉજવણી કરાશે

આગામી તા. ૨૫મી જાન્યુઆરી-૨૦૧૬ના રોજ પાલનપુર મુકામે કર્મચારી કલ્યાણતંત્ર ભવન ખાતે સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ વાગ્યા દરમ્યાન ભારતના ચૂંટણીપંચની સ્થાપના દિન નિમિત્તે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવશે. જેમાં બનાસકાંઠા જિલ્લાના યુવા મતદારો તથા જાગૃતિ નાગરિકોને ઉપસ્થિત રહેવા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી બનાસકાંઠા દ્વારા જણાવાયું છે.

## ઓસ્ટ્રેલિયા સામે ટ્વેન્ટી ટીમ માટે ગુજરાતના ઝડપી બોલર જસપ્રિત બુમરાહની પસંદગી

અમદાવાદ, તા.૧૮

ગુજરાતના ઝડપી બોલર જસપ્રિત બુમરાહની ભારતની ટ્વેન્ટી ટીમમાં પસંદગી કરવામાં આવી છે. ઓસ્ટ્રેલિયા સામે રમાનારી આગામી ત્રણ ટ્વેન્ટી મેચો માટે ટીમની જાહેરાત આજે કરવામાં આવી હતી જેમાં જસપ્રિતની પસંદગી કર્યા બાદ ગુજરાતના ક્રિકેટ ચાહકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે.

બુમરાહ, યુવરાજસિંહ, હરભજનસિંહ, આશીષ નહેરા, સુરેશ રૈના, હાર્દિક પંડ્યાની સાથે ૨૨મી જાન્યુઆરીના દિવસે ઓસ્ટ્રેલિયા જવા રવાના થશે. મોહમ્મદ શામી ઈજાગ્રસ્ત થતા તેની જગ્યાએ ઓસ્ટ્રેલિયા જસપ્રિત બુમરાહનો સમાવેશ કરાયો છે.

## ક્ષણના ચણીબોર

● ૪ પાનાનું ચાલુ...

હે ! માનવી, ન લેજે વિસામો
ઝાંખા જગતમાં એકલો પ્રકાશ
જે,
આવે અંધાર તેને એકેલો
વિદારજે
છો ને આ આયખું હણાયે
હો માનવી, ન લેજે વિસામો,
થાકે ન થાકે છતાંયે હો માનવી
ન લેજે વિસામો

## કંભરોડા ગામ નજીક બાઈકચાલકે કાબુ ગુમાવતા ત્રણ ઘાયલ

ઈસરી, તા. ૧૮

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના કંભરોડા ગામે બાઈક ચાલકે કાબુ ઘુમાવતા ચાલક સહિત ત્રણ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોચતા મેઘરજ, મોડાસા અને અમદાવાદની હોસ્પિટલમાં વધુ સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે.

મેઘરજ પોલીસ સ્ટેશને ફરિયાદી ડાહ્યાભાઈ ભવાનભાઈ ખાંટે ગામ લીખી રાજસ્થાને આપેલ ફરિયાદની વિગત એવી છે કે મેઘરજ તાલુકાના વાંક ગામના હિતેશ બાબુ કટરા જીવણપુર ગામના નરેશ મોહન તબિયાર અને મોટી લીખી ગામના (રાજસ્થાન) ડાહ્યાભાઈ ખાંટ વાંક ગામેથી મોટરસાઈકલ દ્વારા મોઢુ ગામે જઈ રહ્યા હતા તે દરમ્યાન કંભરોડા નજીક આ મોટરસાઈકલ ચાલક આરોપી હિતેશભાઈ બાઈક નં. આર.જે.બારએસજે.૮૩૯૩ બેફામ અને બેદરકારી રીતે ચલાવી રહ્યા હતા. આ રોડ પર રોડનું કામ ચાલુ હોવાથી નાના મોટા પત્થરો પડેલા હતા તે પત્થર પર અચાનક બાઈકનું વ્હિલ ચઢી જતાં બાઈકચાલકે સ્ટેરીંગ પરનો એકાએક કાબુ ગુમાવી દેતાં બાઈક સ્લીપ ખાઈ જતા મોટરસીકલની પાછળ બેસેલ ફરિયાદી તથા સાહેદને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. જ્યારે બાઈક ચાલકને ગંભીર ઈજાઓ પહોંચતા ઈમરજન્સી ૧૦૮ દ્વારા મેઘરજ સામુહિક કેન્દ્રમાં લાવવામાં આવ્યા હતા. ત્યાં ત્રણેય વ્યક્તિઓની હાલત ગંભીર જણાતા તેઓને મોડાસાની ખાનગી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા.

## આજીવન પ્રતિબંધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કમિટિના સભ્યોને વ્યક્તિગતરીતે પહેલાથી જ મળ્યા હતા. ૨૪મી ડિસેમ્બરના દિવસે આ બંનેએ પોતપોતાની રજૂઆત કરી હતી. ત્રણ સભ્યોની પેનલે નિર્ણયને સોમવાર સુધી અગાઉ મોકૂફ કરી દીધો હતો. ત્રણ સભ્યોની આ સમિતિમાં શશાંક મનોહર, જ્યોતિરાદિત્ય સિંધિયા અને નિરંજન શાહનો સમાવેશ થાય છે. ૨૪મી ડિસેમ્બરના દિવસે ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડની શિસ્ત સમિતિએ કલંકિત ક્રિકેટરો અજીત ચાંડીલા અને હિકેન શાહના ભાવિને લઈને ચુકાદો મોકૂફ કરી દીધો હતો. આઈપીએલ સ્પોટ ફિકિંસગ મામલામાં સુનાવણી કરતી વેળા શિસ્ત સમિતિએ ચુકાદો મોકૂફ રાખ્યો હતો. પ્રમુખ શશાંક મનોહરના નેતૃત્વમાં ભારતીય બોર્ડની ત્રણ સભ્યોની શિસ્ત સમિતિએ બંને ક્રિકેટરોની રજૂઆત સાંભળી હતી. ત્યારબાદ આગામી સુનાવણી પાંચમી જાન્યુઆરીના દિવસે કરવાનો નિર્ણય કર્યો હતો. ત્રણ સભ્યોની પેનલ દ્વારા અંતિમ ચુકાદો જાહેર કરવામાં આવ્યો હતો.

## સેંસેક્સ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડિસેમ્બર ૨૦૧૪માં એક વર્ષ અગાઉ ૨૬.૧૫ અબજ ડોલરની સામે નિકાસ ઘટીને ૨૦૧૫માં ૨૨.૨૯ અબજ ડોલર રહી છે. બ્રેન્ટક્રૂડની કિંમત આજે બેરલદીઠ ૨૭.૬૭ ડોલરની નીચી સપાટીએ પહોંચી ગયો હતો. ઈરાન સામે આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોને ઉઠાવી લેવામાં આવ્યા બાદ ક્રૂડની કિંમત ખુબ નીચી સપાટીએ પહોંચી ગઈ છે જેથી તહેરાન ઓઈલ માર્કેટમાં પ્રવેશ કરે છે. બજારમાં ઘટાડો થવા માટે અન્ય પરિબળો પણ જવાબદાર રહ્યા છે.

## પે-પેનલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યારે તમામ સ્તર માટે પગારમાં વધારો મોકુફ કરવામાં આવે તેવી પણ શકયતા છે. સંશાધનોની હાલમાં ભારે અછત છે. દાખલા તરીકે વર્ષ ૨૦૧૫-૧૬ માટેના બજેટ અંદાજમાં કેન્દ્ર સરકારના તમામ કર્મચારીઓ માટે પગાર બિલ ૬૦૭૩૧ કરોડ રૂપિયા છે. જ્યારે ભથ્થા માટેનુ બિલ ૮૪૪૩૭.૪ કરોડ છે.

## ચાર્જશીટ દાખલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પટેલ સામે આ ચાર્જશીટ દાખલ કરાઈ છે. હાર્દિકના બે સાથી અમરિશ પટેલ અને અલ્પેશ કથિરિયા જેમના નામ મુખ્ય એફઆઈઆરમાં હતા તેમની હજુ સુધી ધરપકડ કરવામાં આવી નથી. તેમને ચાર્જશીટમાં ભાગેડુ જાહેર કરવામાં આવ્યા છે. હાર્દિક અને અન્યો સામે જુદી જુદી કલમો હેઠળ ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે જેમાં આઈપીસીની કલમ ૧૨૪એ (રાજદ્રોહ), ૧૨૧એ (સરકાર સામે કાવતરા) અને ૧૨૦બી (ફોજદારી કાવતરા)નો સમાવેશ થાય છે. સેશન કોર્ટમાં મામલો પહોંચ્યા બાદ મેટ્રોપોલિટન કોર્ટ ટૂંકમાં આ કેસ તેને આપી દેશે. શહેર ક્રાઈમ બ્રાંચના આસીસ્ટન્ટ કમિશનર કેએન પટેલે આજે કહ્યું હતું કે, એફઆઈઆરમાં ફરિયાદ ગયા વર્ષે ૨૧મી ઓક્ટોબરના દિવસે દાખલ કરાઈ હતી. ક્રાઈમ બ્રાંચ શનિવારે સાંજે ચાર્જશીટનો એક ભાગ સુપરત કરી દીધો હતો જ્યારે કેટલાક સંબંધિત દસ્તાવેજો આજે સુપ્રત કરાયા હતા. પટેલે કહ્યું હતુ કે, અમદાવાદમાં રાજદ્રોહના કેસમાં હાર્દિક સામે બીજી ચાર્જશીટ દાખલ કરાઈ છે. ૮મી જાન્યુઆરીના દિવસે સુરત પોલીસે અન્ય એક રાજદ્રોહના કેસમાં ચાર્જશીટ દાખલ કરી હતી. પોલીસે કોલ ડિટેલની વિગતો, કોલ પકડી પાડવાની માહિતી, વિડિયો અને ઓડિયો ક્લીપ સાથેની સીડી, પટેલ નેતાઓના મોબાઈલ ફોનના ફોરેન્સિક રિપોર્ટ રજૂ કર્યા છે. ૨૫મી ઓગસ્ટના દિવસે ગયા વર્ષે જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે હાર્દિકના ભાષણ, ચાર્જશીટમાં કેટલાક સાક્ષીઓના નિવેદન મુકવામાં આવ્યા છે.

# ધોરણ ૧૦, ૧૨ વિજ્ઞાન પ્રવાહ પરીક્ષાનો કાર્યક્રમ જાહેર

અમદાવાદ,તા. ૧૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વર્ષ ૨૦૧૬માં માર્ચમાં લેવામાં આવનાર ધોરણ ૧૦ અને ધોરણ ૧૧, ૧૨ સાયન્સના પરીક્ષા કાર્યક્રમની આજે જાહેરાત કરવામાં આવી હતી જેના ભાગરુપે ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષા ૮મી માર્ચથી શરૂ થશે જ્યારે વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર બેની પરીક્ષા ૨૮મી માર્ચથી અને ચારની પરીક્ષા ૮મી માર્ચથી શરૂ થશે. આનો મતલબ એ થયો કે ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા ૮મી માર્ચથી શરૂ થશે અને વિજ્ઞાન પ્રવાહ બીજા સેમેસ્ટર અથવા તો ધોરણ ૧૧ સાયન્સની પરીક્ષા ૨૮મી માર્ચથી શરૂ થશે. ધોરણ ૧૦માં પ્રથમ દિવસે ભાષાના પેપર રહેશે જ્યારે વિજ્ઞાન પ્રવાહ બીજા સેમેસ્ટરમાં પ્રથમ દિવસે રસાયણ વિજ્ઞાનનું પેપર રહેશે.

બીજા દિવસે જીવ વિજ્ઞાન અને ત્રીજા દિવસે ગણિતનું પેપર રહેશે. દરેક પરીક્ષામાં વચ્ચે રજા મળશે જેથી વિદ્યાર્થીઓને વાંચવા માટે વધારે સમય રહેશે. આવી જ રીતે ધોરણ ૧૨ ચોથા સેમેસ્ટરની પરીક્ષા ૮મી માર્ચથી શરલૂ થશે અને પ્રથમ દિવસે ભૌતિક વિજ્ઞાનનું પેપર રહેશે. એક દિવસના અંતર બાદ ૧૦મી માર્ચે રસાયણ વિજ્ઞાનનું પેપર રહેશે. ધોરણ ૧૦માં પરીક્ષા સમય સવારે

**ધોરણ ૧૦ની પરીક્ષા ૮મી માર્ચથી શરૂ કરાશે : ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ ચોથા સેમેસ્ટરની પરીક્ષા ૮મી માર્ચથી અને બીજા સેમેસ્ટરની પરીક્ષા ૨૮ માર્ચથી હશે**

૧૦થી ૧.૩૦ વાગ્યા વચ્ચેનો રહેશે જ્યારે ધોરણ ૧૨માં પરીક્ષા સમય બપોરે ૩.૦૦ વાગ્યાથી ૬.૩૦ વાગ્યાનો રહેશે.

પરીક્ષાના પ્રથમ દિવસો વિદ્યાર્થીઓને પરીક્ષા શરૂ થવાના ૩૦ મિનિટ અગાઉ પરીક્ષા સ્થળ પર પહોંચી જવા માટે કહેવામાં આવ્યું છે જ્યારે બાકીના દિવસોમાં પરીક્ષા શરૂ થવાના ૨૦ મિનિટ પહેલા વિદ્યાર્થીઓને પહોંચવું પડશે. પ્રશ્નપત્રને લગતા કોઈપણ સાહિત્ય, પુસ્તક, ગાઈડ, ચાર્ટ તથા મોબાઈલ ફોન જેવા ઈલેક્ટ્રોનિક સાધનો વગેરે પરીક્ષા સ્થળ અને પરીક્ષા ખંડમાં લઈ જવાની મનાઈ ફરમાવવામાં આવી છે પરંતુ સાદા કેલક્યુલેટર લઈ જવાની મંજુરી રહેશે. વિદ્યાર્થી પાસે પરીક્ષા શરૂ થાય બાદ કોઈ સાહિત્ય મળશે તો ગેરરીતિનો કેસ ગણીને તપાસ કરવામાં આવશે તથા શિક્ષાને પાત્ર જરૂરી ગુના ગણવામાં આવશે. પરીક્ષા ખંડમાં કોઈપણ પ્રકારની હાથે લગેલી અથવા તો છાપેલુ સાહિત્ય ગેરરીતિ સમાન ગણવામાં આવશે.



જીતપુર પ્રાથમિક શાળા ખાતે સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. અમદાવાદના શ્રી ગિરિશભાઈ પટેલ તરફથી ધોરણ-૧ થી ૮ના તમામ વિદ્યાર્થીઓને સ્વેટર આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે કેળવણી મંડળના શ્રી ચંદુભાઈ, પંકજભાઈ તથા સરપંચ, સીઆરસી પશાભાઈ હાજર રહ્યા હતા. આભારવિધિ શાળાના આચાર્યા સ્વાતિબા વાઘેલાએ કરી હતી.

## કલંકરૂપ ઘટના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મા-બાપમાં તેમનો સામનો કરવાની હિંમત અને તાકાત તો ક્યાંથી હોય... રડતા, કરગરતા માબાપની પુત્રને જરાય દયા ન આવી. જે મા-બાપ તેને આ દુનિયામાં લાવ્યા છે તેઓને ઘરમાંથી ધક્કા મારી કાઢી મુકતા પુત્રને એકવાર પણ વિચાર ન આવ્યો. મા-બાપ સાથે મનભેદ હોય, મતભેદ પણ હોય પરંતુ આ રીતે મા-બાપને માર મારવો તે સંસ્કાર માનવીય નહી પરંતુ રાક્ષસી જ છે ને... પુત્રને હાથે લાકડીઓનો માર ખાનાર સગા મા-બાપને પુત્રએ ઘરની બહાર પણ માર મારી રોડ પર ઘસડ્યા ત્યારે પાડોશીઓએ માંડ કરીને તેઓને પુત્રના કહેરમાંથી બચાવ્યા હતા. આ ઘટનાના કારણે એકત્ર થઈ ગયેલા પાડોશીઓએ આ વૃદ્ધ દંપતિને સધિયારો આપી પુત્ર અને પુત્રવધૂ સામે પોલીસ ફરિયાદ કરવા સમજાવ્યા પરંતુ પુત્રના ગુસ્સા અને કહેરથી અત્યંત ભયભીત બનેલા આ વડીલો પુત્ર-પુત્રવધૂની સામે થવાની હિંમત સાંજ સુધી કેળવી શક્યા ન હતા. આ ઘટનાને નજરે જોનાર વસાહતીઓ કળયુગની આ કલંકરૂપ ઘટના અંગે કલાકો સુધી ચર્ચા કરતા રહ્યા હતા...

## મેરેથન દોડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ અંગે રનર્સ ગૃપના ફાઉન્ડર ડી કે સતીષને યાદ કરતા સંજય થોરાતે જણાંવ્યુ હતુ કે વર્ષ ૨૦૦૯ દરમિયાન શહેરમાં માત્ર ૬ નાગરિકોની મેરેથન યોજાઈ હતી. આજે રનર્સ ગૃપમાં ૩૦ જેટલા સભ્યો છે. જે અન્વયે પુનિત વનમાં દર રવિવારે સવારે ૧૦ થી ૧૨ કીમી ની દોડમાં નગરના બિઝનેસ મેન ,ડોકટરો અને કર્મચારીઓ જોડાય છે. ત્યારે આરોગ્ય અંગે નાગરિકોને જાગૃત કરવાના આશય સાથે નગરમાં પ્રથમવાર મેરેથન દોડનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ મેરેથન દોડના આયોજક અને જાણીતા બાળરોગ નિષ્ણાંત ગુંજન શાહે જણાંવ્યુ હતુ કે આ મેરેથન દોડનો હેતુ દોડવાથી થતા ફાયદા અંગે નગરજનોને જાગૃત કરવાનો છે. જયારે આ દોડના માધ્યમથી એકત્રિત ફંડનો ઉપયોગ જન્મથી હદયરોગની બિમારીથી પીડાતા બાળકો માટે થશે. બે કેટેગરીમાં યોજાનારી દોડમાં ૨૧ કી મીની હાફ મેરેથનમા ૧૮ વર્ષથી વધુ ઉંમરના સ્પર્ધકો ભાગ લઈ શકશે જેના માટે રૂ ૨૦૦ થી ૪૦૦ સુધીની નોંધણી ફી નિયત કરવામાં આવી છે. મેરેથન દોડના રૂટમાં ૨ એમ્બ્યુલન્સ વાન પણ ઉપલબ્ધ રહેશે. જયારે સ્પર્ધકોને ધ્યાને લઈ પાણી તેમજ એનર્જી ડ્રીંકની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત એક ફિઝિયોથેરાપી સેન્ટર પણ કાર્યરત રહેશે. જયારે દોડના અંતે વિજેતાઓને ઈનામો પણ એનાયત કરવામાં આવશે. આ ઉપરાંત ભાગ લેનારા તમામ સ્પર્ધકોને મેડલ આપવામાં આવશે. અત્યાર સુધી કુલ ૫૦૦ જેટલા સભ્યોની નોંધણી કરવામાં આવી છે. જયારે આગામી તા ૨૧ જાન્યુઆરી સુધી ઓફલાઈન તેમજ ઓન લાઈન નોંધણી કરવામાં આવશે. આ દોડમાં શાળાના બાળકોને ફ્રી અન્ટ્રી આપવામાં આવશે. આ મેરેથન દોડને અનુલક્ષી રનર્સ ગૃપના બ્રિજેશકુમાર દ્વારા સવારે સ્વર્ણિમ પાર્કમાં જરૂરી તાલીમ પણ આપવામાં આવી રહી છે. આ દોડમાં ભાગ લેવા ઈચ્છતા નાગરિકોએ નોંધણી કરાવા માટે સે-૭માં ડો રાજવીર તેમજ સે-૨૧માં કેતુલ અન્ટરપ્રાઈઝનો સંપર્ક કરવા જણાંવાયુ છે. આ ઉપરાંત રન ગાંધીનગર ડોટ કોમ પર પણ ઓન લાઈન રજીસ્ટ્રેશન થઈ શકશે.

## ગુણોત્સવમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રશ્નો ઉપરાંત આંગણવાડી કેન્દ્ર ચાલે છે તો તે પોતાના મકાનમાં કે ભાડાના મકાનમાં, મધ્યાહન ભોજન યોજનાને લઈ પણ પ્રશ્નો એ ટુ ઝેડમાં સમાવાયા છે.

મળતી વિગતો પ્રમાણે કિસાન ક્રેડીટ કાર્ડ, શાળાની કોમ્પ્યુટર લેબ, ડૉક્ટરની હાજરી જેવા પ્રશ્નો પણ અધિકારીઓના ધ્યાને આવ્યા છે. પાણી અને ગટર વ્યવસ્થા તેમજ સીસીરોડની ફરિયાદો વધુ હોવાનું જાણવા મળેલ છે. હવે રાજ્ય સરકારે સંપૂર્ણ ધ્યાન ગ્રામીણ વિસ્તાર પર કેન્દ્રીત કર્યુ છે. અગાઉ ગ્રામસભા અભિયાનમાં રજુ થયેલા પ્રશ્નોના ઉકેલ માટે કરવામાં આવેલ કામગીરીનો પણ સરકારે અહેવાલ માગ્યો છે તેમજ આવા પ્રશ્નોના ઉકેલની વિગતો પણ ગ્રામસભામાં રજુ થાય તેવો આગ્રહ સરકાર દ્વારા કરવામાં આવતાં તંત્રના અધિકારીઓની કામગીરી એકાએક વધી જવા પામી છે.

## સ્ત્રી જન્મદર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સામાજિક અંધાધૂંધી ઉભી કરશે. ઘણા સમયથી જિલ્લામાં આ માટે સઘન પ્રયત્નો કરવામાં આવ્યા છે, જેમાં લોકજાગૃતિ-જન આંદોલન એ જ ઉપાય છે. આ માટે ગાંધીનગર જિલ્લામાં આઈ.ઈ.સી.ની વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે સાસુ સંમેલનો, રોલ પ્લે, સાંસ્કૃતિક કાર્યક્રમો, શિબિરો, લોક મેળાવડા કે સમૂહ લગ્નોત્સવમાં પ્રદર્શનો, ફક્ત એક કે બે દીકરીવાળા દંપતિઓનું સન્માન, સેમિનારો, સ્ક્રોલ મેસેજ, દીકરીનું પ્રદાન દર્શાવતા હોર્ડીંગ્સ, પોસ્ટર્સ, બેનર્સ, પ્રચાર પત્રિકાઓ અને સૈચ્છિક સંસ્થાઓના સહયોગથી કરવામાં આવતા કાર્યક્રમો થકી સમાજના હકારાત્મક પ્રતિભાવો મળ્યા છે. દીકરીને સમાજમાં સન્માન મળવા લાગ્યું છે.

દીકરીને સમાજમાં ગૌરવભર્યુ સ્થાન મળે તે માટે રાજ્યકક્ષાએ અને જિલ્લાકક્ષાએ પણ વિવિધ દિવસો અને સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. દીકરીઓના સન્માન માટે ૨જી ઓગષ્ટના રોજ દીકરી દિવસની ઉજવણી કરવામાં આવે છે. એવી જ રીતે ચાલુ સપ્તાહે પણ રેલી, સાંસ્કૃતિક કાર્યક્રમો અને ગ્રામ્ય કક્ષાએ સાસુ સંમેલનો, પ્રદર્શનો ગોઠવી લોકોમાં સઘન જનજાગૃતિના કાર્યક્રમો કરવામાં આવશે.